નવસારી શહેરમાં ગણેશ સંગઠનની બેઠકમાં હોબાળો

પારદર્શક, બંધારણીય અને સર્વસમાવેશક નવા ગણેશ સંગઠનની રચના થાય તે જરૂરી

નવસારી: આગામી ગણેશોત્સવ પહેલાં યોજાયેલી ગણેશ સંગઠનની મહત્વપૂર્ણ બેઠક કોઈ નિર્ણય વિના સમાપ્ત થતાં સંગઠનની કાર્યપદ્ધતિ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. પ્રમુખ સહિત હોદ્દેદારોની વરણી અને નવા બંધારણ અંગે ચર્ચા થવાની હતી, પરંતુ હોબાળો અને ઉગ્ર બોલાચાલીના કારણે બેઠક અધૂરી રાખવાની ફરજ પડી હતી.

ચર્ચા મુજબ, ગયા વર્ષે તૈયાર કરાયેલું નવું બંધારણ હજુ સુધી સામાન્ય સભામાં મંજૂરી માટે રજૂ થયું નથી. પરિણામે સંગઠનનું સંચાલન કયા નિયમો હેઠળ થઈ રહ્યું છે તે મુદ્દે સભ્યોમાં પ્રશ્નો ઉઠ્યા હતા.

આ ઘટનાક્રમ બાદ અનેક ગણેશ મંડળોના આયોજકો હવે ના પક્ષમાં હોવાનું જાણવા મળે છે. બેઠકમાં થયેલા હોબાળાથી સ્થળ ઉપલબ્ધ કરાવનાર અગ્રણીઓ પણ નારાજ થયા હોવાનું જાણવા મળે છે. શહેરના ગણેશ ભક્તોમાં હવે મુખ્ય ચર્ચા એ છે કે સંગઠનમાં સુધારા થશે કે નવા સંગઠનની રચના થશે?

ધરમપુરમાં આંતરજ્ઞાતીય લગ્નના મુદ્દે તંગદિલી : 400 વેપારીની મૌન રેલી

પોલીસે મામલો થાળે પાડ્યો, યુવતીને પતિ સાથે મોકલી આપી

ધરમપુરઃ ધરમપુરમાં આંતરજ્ઞાતીય લગ્નના મુદ્દે રવિવારે થોડા સમય માટે તંગદિલીનો માહોલ સર્જાયો હતો. રાજસ્થાની સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્ર થતાં પોલીસ તંત્ર સતર્ક બન્યું હતું. પોલીસની સમયસરની કાર્યવાહી અને આગેવાનોના સહકારથી સમગ્ર ઘટનાક્રમ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયો હતો.

મળતી માહિતી મુજબ, રાજસ્થાનના મૂળ વતની ગોપાલભાઈ રાજપુરોહિત છેલ્લાં પાંચ વર્ષથી ધરમપુરના કુંભારવાડા વિસ્તારમાં ઈલેક્ટ્રિક ચીજવસ્તુઓનો વેપાર કરે છે. તેમની પુખ્તવયની પુત્રી ભાવનાબેન ગોપાલભાઈ રાજપુરોહિતની ઓળખ ધરમપુરના કોઠી ફળિયા, ધોબી ધોવાણ વિસ્તારમાં રહેતા અને કપડાંના વેપાર સાથે સંકળાયેલા કેવલભાઈ દીપકભાઈ મોટા સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયા

આસીફ શેખ

બાદ હિન્દુ રીતિ-રિવાજ મુજબ લગ્ન કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

લગ્ન બાદ ભાવનાબેને 9 જુલાઈના રોજ ધરમપુર પોલીસને સંબોધીને લેખિત અરજી કરી હતી, જે 11 જુલાઈએ પોલીસ મથકે પહોંચી હતી. અરજીમાં તેમણે પોતાની સ્વેચ્છાએ લગ્ન કર્યા હોવાનું જણાવી માતા-પિતા અથવા સગા-સંબંધીઓ દ્વારા કોઈ ફરિયાદ કરવામાં આવે તો તેને ધ્યાનમાં ન લેવા વિનંતી કરી હતી.

આ અરજી પોલીસ સુધી પહોંચે તે પહેલાં જ યુવતીના પરિવારજનો પોલીસ મથકે પહોંચીને રજૂઆત કરતાં મામલો ચર્ચાનો વિષય બન્યો હતો. પોલીસે બંને પક્ષોને બોલાવી તેમની વાત સાંભળી હતી અને પરિવારની સંમતિથી ઉકેલ લાવવાનો પ્રયાસ કર્યો હતો. ભાવનાબેને પોતાના પતિ સાથે જ રહેવાની સ્પષ્ટ ઇચ્છા વ્યક્ત કરતાં બંને પરિવારો વચ્ચે બોલાચાલી થઈ હતી. પરિસ્થિતિ વધુ ન બગડે તે માટે પોલીસે તમામને રવિવારે ફરી હાજર રહેવા જણાવ્યું હતું.

દરમિયાન આ ઘટનાની જાણ રાજસ્થાની સમાજમાં થતાં સમાજના વેપારીઓએ સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ રાખી વિરોધ વ્યક્ત કર્યો હતો. ડેપો સામે આવેલી જોગણીયા સ્વીટ્સ પાસે આશરે 300થી 400 લોકો ભેગા થયા બાદ મૌન રેલી સ્વરૂપે ધરમપુર પોલીસ મથકે પહોંચ્યા હતા. અચાનક મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં પોલીસ પણ એલર્ટ બની હતી.

પોલીસ ઈન્સ્પેક્ટર નિખિલ ભોયાએ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમાજના આગેવાનોને ચેતવણી આપી હતી કે કોઈપણ પ્રકારની અશાંતિ કે કાયદાનો ભંગ સહન કરવામાં આવશે નહીં અને જરૂર પડશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ આગેવાનોએ ઉપસ્થિત લોકોને શાંતિ જાળવી સ્થળ છોડવા અપીલ કરતાં તમામ લોકો વિખેરાઈ ગયા હતા.

બાદમાં પોલીસે બંને પક્ષોને ફરી સામસામે બેસાડી રજૂઆતો સાંભળી હતી. પુખ્તવયની ભાવનાબેન પોતાના પતિ કેવલભાઈ દીપકભાઈ મોટા સાથે જ રહેવા મક્કમ રહેતાં પોલીસે કાયદાકીય જોગવાઈઓ મુજબ તેમને પતિ સાથે જવા મંજૂરી આપી હતી.

નવસારીના વરસાદી નુકસાન માટે રાહત પેકેજ જાહેર કરો

ધારાસભ્ય અનંત પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી રાહત સહાયના નિયમોમાં ફેરફાર કરવાની પણ માગણી કરી

વાંસદાઃ નવસારી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડેલા અતિભારે વરસાદે જનજીવનને ભારે અસર પહોંચાડી છે. અનેક ગામોમાં ઘરોમાં પાણી ઘૂસી જતાં હજારો પરિવારોને ઘરવખરી, અનાજ, કપડાં, વીજ ઉપકરણો અને રોજિંદા ઉપયોગની આવશ્યક ચીજ વસ્તુઓમાં ભારે નુકસાન સહન કરવું પડ્યું છે.

આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને વાંસદાના ધારાસભ્ય અનંત પટેલે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી SDRF/NDRF હેઠળની રાહત સહાયના નિયમોમાં તાત્કાલિક ફેરફાર કરવા અને નવસારી જિલ્લામાં વિશેષ રાહત પેકેજ જાહેર કરવાની માંગ કરી છે. ધારાસભ્યએ વધુમાં પત્ર દ્વારા જણાવ્યું હતું કે હાલના નિયમો મુજબ ઘરમાં સતત 48 કલાક સુધી પાણી ભરાયેલું રહે ત્યારે જ સહાય મળવાની જોગવાઈ છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં ભારે વરસાદ દરમિયાન અનેક ગામોમાં 10થી 24 કલાક સુધી પાણી ભરાઈ રહેતાં પણ ઘરોમાં લાખો રૂપિયાનું નુકસાન થાય છે. પાણી ઉતરી જાય એટલે નુકસાન ઓછું થઈ જતું નથી. ઘરવખરી, અનાજ, કપડાં, ફર્નિચર, વીજ ઉપકરણો સહિતની સામગ્રી સંપૂર્ણપણે બગડી જાય છે, છતાં માત્ર નિયમોની મર્યાદાના કારણે પીડિત પરિવારો સહાયથી વંચિત રહી જાય છે.

આપત્તિના સમયમાં સરકારનું પ્રથમ કર્તવ્ય લોકોની પીડા ઘટાડવાનું હોય છે, જો હાલના નિયમોમાં તાત્કાલિક ફેરફાર નહીં કરવામાં આવે તો અનેક પૂરપીડિત પરિવારો સરકારની સહાયથી વંચિત રહી જશે. તેથી નવસારી જિલ્લાના અસરગ્રસ્ત નાગરિકોના હિતમાં સંવેદનશીલ નિર્ણય લઈ રાહતના નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવે અને વિશેષ રાહત પેકેજની તાત્કાલિક જાહેરાત કરવામાં આવે એવી આશા વ્યક્ત કરી હતી.

ગિરિમથક સાપુતારામાં મિની કાશ્મીરનો માહોલ, ટ્રાફિક જામ

ગિરીશ ભોયે

■ સાપુતારાઃ સાપુતારા અને તેની આસપાસના વિસ્તારોમાં છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતા જ સમગ્ર વાતાવરણ અત્યંત આહલાદક અને મનમોહક બની ગયું છે. ચોમાસાની ઋતુ ખીલવાને કારણે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી છે, જેને પગલે ચાલુ વીકેન્ડમાં સાપુતારા ખાતે પ્રવાસીઓની ચિક્કાર ભીડ ઉમટી પડી હતી. પ્રકૃતિની ગોદમાં સમય વિતાવવા માટે અસંખ્ય સહેલાણીઓ અહીં પહોંચી જતાં સાપુતારા અને તેની તળેટીના વિસ્તારોમાં આવેલી તમામ હોટલો, હોમસ્ટે અને ટેન્ટ રિસોર્ટ સંપૂર્ણપણે 'હાઉસફુલ' થઈ ગયા છે. પ્રવાસીઓના આ અવિરત પ્રવાહને કારણે સ્થાનિક કક્ષાએ રોજગારીની મોટી તકો ઊભી થઈ છે.અને વેપારીઓમાં ભારે આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે.પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનેલો પ્રખ્યાત ગીરાદાધોધ પણ હાલમાં પૂરજોશમાં ઊભરાઈ રહ્યો છે, જેનો નજારો માણવા પ્રવાસીઓની ભારે ભીડ જામી હતી.

વાપી વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ આજે પણ કાર્યરતઃ મ્યુ. કમિ. ચૌધરી

દમણના સાંસદ ઉમેશ પટેલે નામધા-ચંડોરના વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટની વિઝિટ કરી પ્લાન્ટ બંધ હોવાની વાત કરી હતી

વાપીઃ વાપી મનપાના નામધા-ચંડોરની સોલીડ વેસ્ટ ઉપર વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ બંધ હોવાની વાતથી વિવાદ થતાં મ્યુન્સિપલ કમિશનર એન.એફ. ચૌધરીએ રવિવારે સાંજે પત્રકાર પરિષદ કરીને વાસ્તવિકતાને લોકો સમક્ષ મૂકી હતી. તેમણે કહ્યું કે તાજેતરમાં જ વાપી વિસ્તારમાં ૩૪ ઈંચ જેવો ભારે વરસાદ પડ્યો હોવાથી ડમ્પીંગ સાઈટ ઉપર પ્લાસ્ટિક . તેને રીપેર કરવા પણ સમય જોઈતો હોય છે. રવિવારે પણ બેલ્ટ ઉપર પ્લાસ્ટીક ચોટતા બંધ કરી રીપેર કરી ફરી બપોર બાદ પ્લાન્ટ શરૂ કરી દેવાયો હતો. બે દિવસ પહેલા પણ અમે વિઝિટ કરી ત્યારે પ્લાન્ટ ચાલુ જ હતો. હમણાં વરસાદને કારણે જે વેસ્ટ ભેગું થયું છે તેનો ૧૫ દિવસમાં નિકાલ કરી દઈશું. અહીં વેસ્ટ સાઈટની એક દિવાલ પણ તૂટી પડી હતી. તેના માટે પણ કમિશનરે કહ્યું કે વરસાદને કારણે શનિવારે રાત્રે દિવાલ તૂટી ગઈ છે. જેને સોમવારથી જ રીપેર કરી દઈશું.

આ પહેલા દમણના સાંસદ ઉમેશ પટેલે વાપી વેસ્ટ સાઈટની વિઝિટ કરીને વેસ્ટ સાઈટ બંધ હોવાનો તેમજ કચરાને કારણે નદીમાં તેની ગંધ દમણ સુધી પહોંચતી હોવાનું જણાવ્યું હતું. દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે જો ૧૮ તારીખ સુધીમાં બધું ઠીક નહીં થાય તો આંદોલનની ચીમકી પણ આપી હતી.

વલ્લભનગરના રસ્તાની માલિકીનો મામલો હાઈકોર્ટમાં પેન્ડીંગ

મનપાના કમિશનર ચૌધરીએ વલ્લભનગર રસ્તા પ્રકરણમાં જણાવ્યું હતું કે, રેકર્ડથી ખાતરી કરતા જાણવા મળ્યું છે કે, હાલ વલ્લભનગરના રસ્તાની માલિકી અંગે હાઇકોર્ટમાં કેસ પડતર છે. વધુમાં આ રસ્તો મહાનગરપાલિકા બનતા પહેલા અગાઉ ગ્રામ પંચાયતને સોસાયટી દ્વારા સુપ્રત કરવામાં આવેલ નહોતો અને મહાનગરપાલિકા બન્યા બાદ પણ રસ્તો મહાનગરપાલિકાને સુપ્રત કરવામાં આવેલ નથી. આમ રસ્તાની માલિકી અંગેનો કેસ હાઇકોર્ટમાં પડતર હોય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને આ રસ્તો સુપ્રત થયેલ ન હોય જેથી રસ્તો બનાવવામાં આવેલ નથી.

સંક્ષિપ્ત સમાચાર

ધરમપુરના મુરદડમાં પિતાના હત્યારા બન્ને પુત્રોની ધરપકડ

ધરમપુરઃ ધરમપુરના મુરદડ ગામનાં ધામણ ફળિયામાં રહેતાં ભરતભાઈ મોતીરામ પવાર 10 જુલાઈની સાંજે નશામાં ઘરે આવ્યા હતાં. તેમના પુત્રો વિઠલ તથા યોગેશ પવાર સાથે બોલાચાલી થઈ હતી. બોલીચાલી ઉગ્ર બનતાં બન્નેએ કુહાડીના હાથા વડે ભરત પવારના માથામાં ફટકા માર્યા હતાં. ગંભીર ઈજાગ્રસ્ત ભરત પવારને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. આ અંગે ઈશ્વર મોતીરામ પવારે ધરમપુર પોલીસ મથકે ફરિયાદ આપી હતી. ધરમપુરના મદદનીશ એસપી સંદીપ ટી. તથા પીઆઇ નિખીલ ભોયાએ હત્યાનો ગુનો દાખલ કરી ગણતરીના કલાકોમાં જ વિઠલ પવાર તથા યોગેશ પવારની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

કરવડ ફાટક પાસે વાહનની ટક્કરે પાંચ વર્ષના બાળકનું મોત

વાપીઃ વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ મધ્યપ્રદેશ અને હાલ વાપી નજીકના કરાયા ગામ, કુબેર ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં સાગર જોગડીયા સિંહ (વાસકેલા) (ઉ.વ.28) રહે છે. ગત તા.18-6-26ના રોજ સવારે સાડા નવેક વાગ્યાની આસપાસ તેમનો નાનો પુત્ર રીંગીયા (ઉ.વ.5)ને કરવડ ફાટક આગળ કોઈક વાહનની ટક્કર લાગી હતી અને તેના શરીરે ઈજાઓ પહોંચી હતી. બાળકને વધુ સારવાર માટે નાની તંબાડી પીએચસી લઈ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. બાળકનુ પોસ્ટમોર્ટમ કરાવી તેઓ વતન અંતિમવિધ કરવા માટે લઈ ગયા હતાં. જે બાદ પિતા સાગર સિંહે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં અકસ્માત કરનાર અજાણ્યા વાહનચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

ચીખલીના રાનકૂવામાંથી ગાંજા સાથે એક પકડાયો

ઘેજઃ ચીખલી પોલીસના -મહેન્દ્ર નેભાભાઇ, વિજયભાઈ દેવાયતભાઇ સહિતના સ્ટાફે તાલુકાના રાનકુવા નવાનગર ખાતે ખુડવેલ જતા માર્ગ ઉપર પાન પડીકી લારીની તપાસ કરી ૮.૬૯ ગ્રામ ગંજા સાથે એકને પકડી પાડ્યો હતો. રૂ. ૪૩૪.૫૦ની કિંમતનો ગાંજો, મોબાઇલ ફોન કિં.રૂ.૫,૦૦૦ મળી કુલ્લે રૂ.૫,૪૩૪.૫૦ના મુદ્દામાલ કબજે કર્યો હતો. રાજેન્દ્રસિંગ ઉર્ફે રાજુ જવાહરસિંગ ઠાકુર મહેશ (ઉ.વ.-૬૫, રહેઃ ચીખલી સોનીવાડ તા.ચીખલી જિ.નવસારી)ની અટક કરી પૂછપરછ હાથ ધરી હતી. જેમાં આ ગાંજાનો જથ્થો સુરત અશ્વિની કુમાર રેલવે ટ્રેક ખાતેથી આશરે ૩૦થી ૩૫ વર્ષીય યુવાન પાસેથી લાવ્યો હોની કબૂલાત કરી હતી. વધુ તપાસ પીએસઆઇ-આર. એન.વાડલે કરી રહ્યા છે.

પૂરના પાણીમાં ફસાયેલા બે યુવાનોના જીવ બચાવનાર સાહસિકોનું સન્માન

નવસારીઃ ગત 7 સપ્ટેમ્બર, 2025ના રોજ ભારે વરસાદ દરમિયાન અડદા ગામ નજીક પૂરના પાણીમાં કાર ફસાઈ જતાં રાજસ્થાનના વતની ગંજારામ સુથાર અને પ્રકાશ ચૌધરી જીવલેણ પરિસ્થિતિમાં મુકાયા હતા. આ સમયે અડદા ગામના ભીખુભાઈ નાયક અને રોહન નાયકે પોતાના જીવનું જોખમ ખેડી પૂરના પાણીમાં ઉતરી બંને યુવાનને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. તેમની બહાદુરી અને માનવતાભર્યા કાર્યની કદરરૂપે સમાજના અગ્રણીઓ તથા જી.વાય. એસ.ના સભ્યો દ્વારા બંને સાહસિકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

કરવડમાં ટ્રકમાંથી સામાન ખાલી કરવા બાબતે યુવકને માર મરાયો

વાપીઃ કપરાડા, બોરી ફળિયામાં રહેતા વિશાલ ઈસ્લમભાઈ ગુનગુનિયા (ઉ.વ.19) કરવડ સ્થિત ઝમીર એન્ટરપ્રાઈઝ કંપનીમાં નોકરી કરે છે. કંપનીનો માલસામાન ભરીને ટ્રક આવેલી હતી. જે ટ્રકમાંથી સામાન તેઓ તથા મિત્ર યુવરાજ અને રોહિત સાથે ભેગા મળી ઉતારી રહ્યા હતાં. દરમિયાન રોહિત (રહે., કરવડ)એ વિશાલને કહ્યું કે, તું કેમ વ્યવસ્થિત માલ ખાલી કરતો નથી..? કહી ઉશ્કેરાઈ ગયો હતો અને ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. ઈજાગ્રસ્તને કપરાડા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ વિશાલ ગુનગુનિયાએ વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.

વોર્ડ નં. 13માં વીજલાઈન પર વિશાળ ઝાડ ધરાશાયી, મોટી દુર્ઘટના ટળી

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. 13ના ટીગરા ડોજી ફળિયા વિસ્તારમાં થ્રી-ફેઝ વીજ લાઈન પર વિશાળ ઝાડ ધરાશાયી થતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વીજ લાઈનને નુકસાન પહોંચતા સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. સ્થાનિક રહેવાસી સુરેશભાઈ આહિરે ઘટનાની જાણ તાત્કાલિક દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ (DGVCL)ને કરતા વીજ તંત્રને ઘટનાસ્થળે પહોંચી વીજ લાઈનનું સમારકામ અને તૂટી પડેલા ઝાડને દૂર કરવા માંગ કરવામાં આવી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, સમયસર કાર્યવાહી નહીં થાય તો અકસ્માતનો ભય યથાવત રહેશે. તેથી વીજ પુરવઠો વહેલી તકે પૂર્વવત કરવા અને જોખમી ઝાડને હટાવવા તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ ઊઠી છે.

આરક-રણોદ્રામાં દીપડી આખરે પાંજરે પુરાતા હાશકારો

નવસારીઃ જલાલપોર તાલુકાના આરક-રણોદ્રા ગામની સીમમાં છેલ્લા કેટલાક સમયથી ખેડૂતો અને ગ્રામજનોમાં ભય ફેલાવનાર માદા દીપડીને વન વિભાગે પાંજરે પૂરી છે. દીપડી ઝડપાતા સમગ્ર વિસ્તારમાં રાહતની લાગણી વ્યાપી ગઈ છે.

માહિતી મુજબ, આરક સિસોદ્રા ગામના તળાવ નજીકનાં ખેતરોમાં દીપડીની અવરજવર સતત જોવા મળતી હતી. થોડા દિવસો પહેલાં તેણે એક બતકનો શિકાર કરતાં ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ ગ્રામજનોએ વન વિભાગને જાણ કરતાં ટીમે સ્થળ પર પાંજરું ગોઠવ્યું હતું.

રવિવારે વહેલી સવારે શિકારની શોધમાં આવેલી માદા દીપડી પાંજરામાં ફસાઈ ગઈ હતી. જાણ થતાં વન વિભાગની રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે પહોંચી દીપડીને સુરક્ષિત કબજામાં લીધી હતી. વન વિભાગે જણાવ્યું છે કે દીપડીને નિયમ મુજબ સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગ્રામજનોને અપીલ કરવામાં આવી છે કે કોઈ પણ વન્ય પ્રાણી દેખાય તો અફવાઓ ફેલાવવાને બદલે તાત્કાલિક વન વિભાગને જાણ કરવી.

બુલેટ ટ્રેન સાઈટ પર ચોરીમાં એલ & ટીના 7 કર્મચારી ઝડપાયા

નવસારી ગ્રામ્ય પોલીસે 99.09 લાખનો મુદ્દામાલ કબજે કર્યો, 4 હજુ વોન્ટેડ

નવસારીઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં થયેલી લોખંડના સળિયાની ચોરીનો નવસારી ગ્રામ્ય પોલીસે પર્દાફાશ કર્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે ચોરીના ગુનામાં ઝડપાયેલા સાતેય આરોપીઓ પ્રોજેક્ટ સાઈટ પર કામ કરતા એલ એન્ડ ટી સાથે સંકળાયેલા કર્મચારીઓ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

4 જુલાઈએ પડઘા ગામની સીમમાં આવેલી બુલેટ ટ્રેન સાઈટ પરથી અંદાજે 16 ટન લોખંડના સળિયા અને અન્ય સામાન મળી રૂ. 10.56 લાખથી વધુની ચોરી થઈ હતી. તપાસ દરમિયાન સંદલપોર ગામ નજીક ચોરીનો માલ ભેગો કરી વેચવાની તૈયારીમાં રહેલી ગેંગને પોલીસે ઝડપી પાડી હતી.

પોલીસે આરોપીઓ પાસેથી ટ્રેલર, હાઈડ્રા ક્રેન, બે બોલેરો કેમ્પર, સ્કોર્પિયો કાર અને ચોરીના મુદ્દામાલ સહિત કુલ રૂ. 99.08 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં હરિયાણાના રોહિત દરજી, ઉત્તર પ્રદેશના પ્રદ્યુમ્ન સેન તેમજ રાજસ્થાનના મહેન્દ્રકુમાર યાદવ, કૈલાશચંદ ખદ્દા, મોતીલાલ ચૌધરી, શંકરલાલ ચૌધરી અને કૈલાસ બલાઈનો સમાવેશ થાય છે. ચાર આરોપીઓ હજુ ફરાર છે.

પોલીસના જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી રોહિત દરજી અને તેના સાગરીતો ચોરીનો સામાન વેચવાની ફિરાકમાં હતા. સાતેય આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા તથા વધુ તપાસ હાથ ધરાઈ છે.

વલસાડ જિલ્લાના લોકોને તબીબી સુવિધા અપાવવા કોઈ કચાશ નહીંઃ ચેરમેન

વલસાડઃ વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિની રચના બાદ અધ્યક્ષ તરીકે રેણુકાબેન દીપકભાઈ ઉદારે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો હતો. તેઓ કપરાડા તાલુકાની વડોલી જિ. પં. બેઠક ઉપરથી વિજયી થયા હતાં. તેઓ પોષ્ટ ગ્રેજ્યુએટની ડિગ્રી ધરાવે છે. તેમણે જિલ્લામાં લોકોને ઘર આંગણે તબીબી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં ટીમ જિલ્લા પંચાયત સાથે મળી કામ કરશે તેમ જણાવ્યું હતું. ઇનચાર્જ સીડી.એચ.ઓ. ડો. સિંધ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓએ નવી સમિતિના હોદ્દેદારોને આવકાર્યા હતાં. સમિતિ સભ્ય પ્રતાભભાઈ, હેમલતાબેન, આદિતીબેન તથા ભાવિનીબેન પણ ઉપસ્થિત રહ્યા હતાં.

ઉમરગામ-ભીલાડમાં પોલીસનું ડે-કોમ્બિંગઃ 46 ગુના નોંધાયા

ઉમરગામઃ ઉમરગામ અને ભીલાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પોલીસ દ્વારા ડે કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સીસીટીવી, ભાડૂઆત જાહેરનામાનો ભંગ એમવીએકટ, પ્રોહિબિશનના સહિત ૪૬ કેસો નોંધ્યા હતા. ઉમરગામ ગાંધીવાડી સોલસુંબા વિસ્તારમાં કોમ્બિંગ દરમિયાન CCTV જાહેરનામા ભંગના કેસો-૧૨,ભાડૂઆત જાહેરનામા ભંગના કેસો-૧૩, MV Act 185- ૦૨ ,(Drink | Drive) પ્રહિબિશન કેસો - ૦૫, MV Act 207 મુજબ વાહન ડિટેન-૧૩, HS ચેક -૦૨, MCR ચેક - ૯ ગુના નોંધ્યા હતા. ભીલાડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પણ હાથ ધરવામાં આવેલ કોમ્બિંગમાં ૧૪ જેટલા ગુના નોંધ્યા હતા.

ચીખલીમાં પ્રથમ ગર્લ્સ હોસ્ટેલ બનીઃ 200 દીકરીને લાભ મળશે

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટના કેમ્પસમાં નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલનું લોકાર્પણ

ઘેજઃ ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે આધુનિક હોસ્ટેલ દીકરીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.આ પ્રોજેક્ટ અંતરિયાળ અને આદિવાસી વિસ્તારની દીકરીઓના ઉચ્ચ શિક્ષણ માટે એક વરદાન સાબિત થશે.

ચીખલીની વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ દ્વારા સ્વ.મોહનલાલ મણિભાઈ દેસાઈ તથા સ્વ.શારદાબેન મોહનલાલ દેસાઈની પુણ્ય સ્મૃતિમાં 'પ્રથમ ગર્લ્સ હોસ્ટેલ'નું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ કાર્યમાં Jewelex India તથા મુંબઈની Sparsh NGO એ દીર્ઘદૃષ્ટિ દાખવીને આર્થિક અને સામાજિક સહયોગ આપ્યો હતો. હોસ્ટેલમાં ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારની આર્થિક રીતે નબળી ૨૦૦-જેટલી વિદ્યાર્થિનીઓને સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેવા તથા જમવાની સગવડ આપવામાં આવશે. શિક્ષણ મોંઘું બની રહ્યું છે તેવા સમયમાં ટ્રસ્ટની આ પહેલ ગરીબ પરિવારની દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવી આત્મનિર્ભર બનવામાં મદદરૂપ થશે. આ પ્રસંગે વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી દર્શન દેસાઈએ જણાવ્યું હતું કે અહીંથી શિક્ષણ પ્રાપ્ત કરનાર દીકરીઓ સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

વલસાડના રોલામાં રક્તદાનનો મહાકુંભ, 3328 લોકોએ જવાબદારી નિભાવી

નાણામંત્રી કનુભાઈ દેસાઈ, પ્રભારી મંત્રી નરેશ પટેલ અને સાંસદ ધવલ પટેલ સહિત અનેક આગેવાનોની ઉપસ્થિતિ

વલસાડઃ વલસાડના રોલામાં વલસાડ જિલ્લા ભાજપ, રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ તથા અતુલ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના યાદમાં યોજાયેલા આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં રાજ્યના નાણા અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ, વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલ, રાજ્યના કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, પરમ ગ્રુપના દીપેશભાઈ ભાનુશાલી ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં વલસાડ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં રક્તદાતા ઉમટી પડ્યા હતા અને અને રક્તદાન કર્યું હતું. આ રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓને પ્રોત્સાહન આપવા લકી ડ્રોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થયેલા લોકોને વિવિધ પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યા હતાં. જેમાં મોબાઈલ ફોનથી લઈ અને ટુ-વ્હીલર વાહન સુધીના ઈનામો એનાયત કરવામાં આવ્યા હતાં. આ સાથે જ અનેક વખત રક્તદાન કરનાર રક્તદાતાઓનું જાહેર સન્માન પણ કરવામાં આવ્યું હતું. આજે આયોજિત આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ઉપસ્થિત મહાનુભાવો પણ કેમ્પના આયોજનને બિરદાવી રક્તદાતાઓને પણ પ્રોત્સાહિત કર્યા હતાં. આ કેમ્પમાં 3328 લોકોએ રક્તદાન કર્યું હતું.